




## ભિલોડાની હાથમતી નદીમાં પૂર આવતા કામઠાડિયાથી બોલુન્દ્રા કોઝવે ધોવાતાં ૧૦ ગામ સંપર્ક વિહોણા

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથક માટે ચોમાસુ આફતરૂપ સાબિત થઈ રહ્યું છે. સપ્તાહ પહેલા ઉપરવાસમાં પડેલ વરસાદના પગલે બુઢેલી નદીનો પુલ તણાયા બાદ ફરીથી ઉપરવાસમાં ધોધમાર વરસાદ ખાબકતા હાથમતી નદી બે કાંઠે વહેતા કિનારે વસવાટ કરતા ગ્રામ્યવિસ્તારોમાં ફફડાટ ફેલાયો હતો. હાથમતી નદીમાં પૂર આવતા કામઠાડિયા અને બોલુન્દ્રા ગામ વચ્ચેનો કોઝવે પર પાણી ફરી વળાતા ૧૦ ગામો સંપર્ક વિહોણા બનતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પશુપાલકો દૂધ ભરાવવાથી વંચિત રહ્યા હતા. ગામલોકોએ સરકારી તંત્રને જાણ કરતા જવાબદાર તંત્ર ઘટનાસ્થળે પહોંચી રાહતની કામગીરી હાથ ધરી હતી. ગામલોકોએ જવાબદાર તંત્રમાં કામઠાડિયા અને બોલુન્દ્રા ગામ વચ્ચે કોઝવેના બદલે પુલ બનાવની માંગ કરી હતી.

# શામળાજીમાં સાંબેલાધાર વરસાદ

## મોડાસા સહીત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા યથાવત




શામળાજી, તા. ૬

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં મેઘરાજા કોપાયમાન થયા હોય તેમ ગુરુવારે સાંજના સુમારે કડાકા ભડાકા સાથે વીજળીના ચમકારા વચ્ચે ધોધમાર વરસાદ થતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. ખેતરોમાં પાણી ભરાતા ભૂમિપુત્રોનો પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. મેઘરાજાની પધરામણીથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા શહેર સહીત જીલ્લાના કેટલાક વિસ્તારોમાં મોડી રાત્રે વરસાદી ઝાપટા પડતા અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકોને આંશિક રાહત અનુભવી હતી. શુક્રવારે સમગ્ર જીલ્લો કોરો ધોકાર રહ્યો હતો.

અરવલ્લી જીલ્લા સહીત શામળાજી પંથકમાં ગુરુવારે સાંજના ૪ વાગ્યાના સુમારે વરસાદી માહોલ સાથે કાળા ડિબાંગ વાદળો ધસી આવતા શામળાજી પંથકમાં વીજળીના ચમકારા અને વાદળોની ગર્જના સાથે સાંબેલાધાર વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. માર્ગો પરથી ઘૂંટણિયાસમું પાણી વહેતા અને મોડી રાત્રી સુધી એકધારા વરસાદથી પંથકમાં ભયનું વાતાવરણ પેદા થવાની સાથે શામળાજી સહીત આજુબાજુના ગામડાઓમાં આવેલા ખેતરોમાં પાણી ભરાતા પાકને નુકશાન જવાની ભીતિ પેદા થતા ભૂમિપુત્રો ચિંતિત બન્યા હતા. મેઘ મહેરથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેર અને પંથકમાં ગુરુવારે રાત્રીના ૨ વાગ્યાના સુમારે વરસાદી ઝાપટું પડતા વીજળી ડૂલ થતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. રાત્રીના સુમારે પડેલા વરસાદી ઝાપટાથી વાતાવરણમાં શીતલહેર પ્રસરતા બફારાથી રાહત મળી હતી. શુક્રવારે દિવસભર આકાશ ખુલ્લું રહેતા અને મેઘરાજાએ વિરામ લેતા વાતાવરણમાં અસહય ઉકળાટ યથાવત જોવા મળ્યો હતો.

# ધાનેરા બસ સ્ટેન્ડમાં પાણી વેડફાતા મુસાફર દ્વારા ડેપો મેનેજરને જાણ કરાતા મેનેજર ઉશ્કેરાયા

## મેનેજર દ્વારા ફરિયાદ કરવાની મુસાફરને ધમકી આપી

ગુજરાતના છેવાડાના વિસ્તારમાં લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે તો અબોલ પશુઓ પાણી માટે મોતને ભેટી રહ્યા છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના બસ સ્ટેન્ડમાં કલાકોથી પાણી વેડફાઈ રહ્યું છે. પાણી બાબતે મુસાફર દ્વારા ડેપો મેનેજરને જાણ કરાતા મેનેજર લાજવાના બદલે ગાજવા માંડ્યો હતો અને પેસેન્જરને ખોટી ફરિયાદ કરી ફસાવી નાખવાની ધમકી આપી હતી.



ધાનેરા બસ સ્ટેન્ડમાં બનાવેલ શોચલાય અને આ શોચલાય ની ઉપર પાણી ની ટાંકી મુકેલી છે પાણીની ટાંકી ભરવા માટે મોટર ચાલું કરી અને તે બાદ મોટર કોઈ બંધ ન કરતા કલાકો સુધી પાણી વેદડાયું હતું. ત્યારે એક મુસાફર દ્વારા આ પાણી ઉપર નજર પડતા લોકો દ્વારા અમારી ટિમ ને જાણ કરતા અમારી ટિમ પણ ધાનેરા બસ સ્ટેન્ડ માં પહોંચી હતી અને ત્યાં જઈ જોયું તો ટાંકી ઉભરાઈ પાણી વેડફાઈ રહ્યું હતું અને આ બાબતે ડેપો મેનેજર નો કોન્ટેક કર્યો હતો અને સમગ્ર બાબત ની જાણ ડેપો મેનેજર ને કરતા ડેપો મેનેજર લાજવા ના બદલે ગાજવા લાગ્યો હતો અને મુસાફર ને ધમકી આપતા જણાવ્યું હતું કે તું કેમ મોડીરાત્રે બસ સ્ટેન્ડ માં આવ્યો તું ત્યાં થઈ જતો રહે નહિતર ખોટી ફરિયાદ કરી ફસાવી નાખવાની ધમકી આપી હતીસમગ્ર બાબતે અમારી ટિમ દ્વારા પણ એક મુસાફર બની આ ડેપો મેનેજર કે કે પરમાર નો ટેલિફોનિક કોન્ટેક કરતા તેને જણાવ્યુ હતુ કે જણાવ્યું હતું કે બસ સ્ટેન્ડ માં નાઈટ હોલ્ડ માં પડેલી બસ માં ડ્રાયવર કે કન્ડક્ટર હોય તો મને વાત કરવો પણ ત્રણ બસ ના ડ્રાયવર કે કંડકટર ડેપો મેનજર જોડે વાત કરવા કે તેમનો ફોન હાથ મા પકડવા કોઈ જ તૈયાર નહતું અને આ જવાબદારી અમારી નથી આવતી તેમ કહી બસ ચાલકો એ હાથ અધ્ધર કરી દીધા હતાં અને કલાકો સુધી પાણી વેડફાતું રહ્યું હતું. ત્યારે હવે તમે પણ સાંભળો કે આ ડેપો મેનેજરે અમારી ટિમ જોડે પણ શું વાત કરી એક કલાક બાદ અમારી ટિમ ઉપર ડેપો મેનેજર પરમાર નો ફોન આવ્યો અને તેમને જણાવ્યું કે કોઈ ત્યાંના માણશે પાણી ની મોટર ચાલુ કરી હતી તેવુ અમારા ડ્રાયવર અને કન્ડકટરે જણાવ્યું હતું અને તે હવે બંદ થઈ ગયું છે અમારી ટિમ સમક્ષ પણ આ ડેપો મેનેજરે જણાવ્યું કે કોઈ મુસાફરે આ પાણી ની મોટર ચાલુ કરી હતી અને તે માટે પાણી વેદફયુ છે અને હું મુસાફર ઉપર ધાનેરા પોલીસ મથક માં ફરિયાદ પણ કરવાનો છું ત્યારે હવે અહીં સવાલ એ ઉભો થાય છે કે પાણી મોટર ની સ્વીચ ક્યાં છે બસ ડેપોની ઓફિસમાં કે બહાર કેવી રીતે મુસાફરે કરી મોટર ચાલુ પહેલા તો ડ્રાયવર કે કન્ડકટર કોઈ ફોન પણ હાથમાં પકડવા તૈયાર ન હતું અને પછી કેવી રીતે કીધું કે મુસાફરે મોટર ચાલુ કરી કે પછી ધાનેરા બસ ડેપો રામ ભરોસે ચાલી રહ્યું છે. તંત્ર આ બાબતે તટસ્થ તાપસ કરાવે તેવી લોક મંગ ઉઠવા પામી છે.

## આંત્રોલીમાં ગુમ યુવતીને શોધવાનું કહેતા હૂમલો

પાલનપુર તાલુકાના આંત્રોલી ગામની એક યુવતી ઘરેથી બ્યુટીપાર્લર જવાનું કહી નીકળી હતી. જે ગૂમ થઈ ગઈ હતી. દરમિયાન તેણીને ગામનો જ યુવક લઈ ગયો હોવાની શંકા જતાં યુવતીના પરિવારજનો યુવતીને શોધી લાવવાનું કહેતા સામા પક્ષના શખ્સોએ હૂમલો કર્યો હતો. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે છ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

યુવતી મંગળવારે સવારે ઘરેથી બ્યુટીપાર્લરમાં જવાનું કહી નીકળી હતી. જે ગૂમ થઈ ગઈ હતી. દરમિયાન તેણીને ગામમાં રહેતા ગોવિંદભાઈ પુંજાભાઈ ભુતડીયાના પુત્ર હરેશભાઈ લઈ ગયો હોવાની આશંકા જતાં યુવતીના પરિવાજનો ગોવિંદભાઈને કહેવા ગયા હતા. જેમને યુવતી પરત લાવી આપવાનું કહેતા ગોવિંદભાઈ ભૂતડીયા, વિપુલભાઈ ગોવિંદભાઈ ભૂતડીયા, દિપકભાઈ ભુતાભાઈ ભુતડીયા, અશોકભાઈ ગોવિંદભાઈ ગાડરીયા, મહેશભાઈ ભગવાનભાઈ ગાડરીયા અને દિનેશભાઈ નાનજીભાઈ ગાડરિયા ઉશકેરાઈ જઈ યુવતીના પિતાને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

# પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ ભરેલ કાર પકડી

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપરથી પ્રસાર થતી વિદેશી દારૂ ભરેલ કાર પ્રાંતિજ પોલિસે પકડી તો કાર સહિત કારમાં રહેલ મુદ્દામાલ સાથે બે ની અટકાયત કરી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે તા.૫-૭-૨૦૧૮ના ૧૯ કલાકે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી મારૂતિ કંપનીની સ્વિફટ કાર નંબર આર.જે.૧૪.સીડી.૯૮૯૭ કારમાં વગર પાસ પરમીટે વિદેશી દારૂ મેકડોલનં-૧ ૭૫૦ એમ.એલ. કાચની કંપની સીલબંધ બોટલ નંગ-૨૩ જેની કિ. રૂ.૧૦,૩૫૦ તથા મેકડોન નં-૧ ૧૮૦ એમ.એલ કાચની કંપની સીલબંધ રાજસ્થાન બનાવટની કુલ બોટલ નંગ-૨૮૮ જેની કિંમત- ૪૩,૨૦૦ મળી કુલ વિદેશી દારૂની કિંમત રૂપિયા- ૫૩,૫૫૦ તથા સ્વિફટ કારની કિંમત ૨,૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ જેની કિંમત- ૧૦,૦૦૦ મળી કુલમુદ્દામાલ કિંમત-૩,૧૩,૫૫૦નો ભરીને



જઈ રહી હતી તે સમયે પ્રાંતિજ પી.એસાઈ. એમ.બી. ગજ્જર પોલિસ સ્ટાફ સાથે પેટ્રોલિંગ ઉપર હતાં તે સમયે પોલીસને જોઈને કારચાલકની હીલચાલ બદલાઈ જતાં પ્રાંતિજ પોલિસે કારને ઉભી રાખી કારની તલાસી લેતાં કારમાંથી વગર પાસ પરમીટ વગરનો વિદેશી કંપનીનો દારૂ મળી આવ્યો હતો. કારચાલક હકીમમહંમદ અબ્દુમહંમદ પઠાણ ઉ.વર્ષ-૨૨ તથા આતીફખાન આરીફખાન પઠાણ ઉ. વર્ષ-૨૨ બંને રહે. ૧૦૬ મુખ્ય બડગાવ સિંન્ધિયાન તા. વલલભનગર જી.ઉદેપુર (રાજસ્થાન) બે ની અટકાયત કરી પ્રાંતિજ પોલિસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ રૂમાલસિંહની ફરીયાદના આધારે પ્રોહીબીશન કલમ-૬૫-ઈ, ૧૧૬બી, ૮૧,૯૮(૨) મુજબ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે હજ પ્રેક્ટિકલ ટ્રેનીંગ કેમ્પનું આયોજન

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે માનવ સેવાના કાર્યો કરતી નોન પોલીટીકલ સંસ્થા મોહદિસે આઝમ મિશન પ્રાંતિજ




દ્વારા વ્હોરવાડ ખાતે આવેલ મદ્રેસા ખાતે આબેહૂબ કુર્તિ તૈયાર કરી હજ પડવા જતાં હજ યાત્રીઓને હજ પ્રકિટકલ ટ્રેનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

પ્રાંતિજ તથા તાલુકામાં રહેતાં મુસ્લિમ સમાજના ચાલું વર્ષે હજ પઢવા જનાર તથા ભવિષ્યમાં હજ પઢવા જનારાઓને હજ વિશેની માહિતી પ્રકિટકલ રૂપે મળી રહે અને હજ કેવી રીતે કરાય તેની વિસ્તૃત માહિતી પ્રેક્ટિકલ સ્વરૂપે પૂરી પાડવા માટે એક હજ ટ્રેનીંગ કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં મિશન પ્રાંતિજના પ્રમુખ સૈયદ ઈકબાલ બાપુના માર્ગદર્શન હેઠળ ભરૂચથી પધારેલ હાફીઝ હસન અશરફી સાહેબે સરળ ભાષામાં હજ વિષેની વિસ્તૃત માહિતી પુરી પાડેલ અને પ્રેક્ટિકલરૂપે અરકાન અદા કરીને બતાવેલ તો કેમ્પમાં મિશનના દરેક કાર્યકરો દાણાવાલા અફઝલ હુસેન, કાગદી મો. યુસુફ, દાણાવાલા મો.અક્ષરફ, ઉદણવાલા મોઈનુદ્દીન, ખેરોલવાલા મો.યુનુસ, ચામડાવાલા ફહીમ એજાઝ ઉપસ્થિત રહીને ખભેખભા મિલાવી સુંદર કામગીરી કરેલ. પ્રાંતિજ તેમજ આજુબાજુમાંથી તાલુકાનાં હજયાત્રીઓ હાજર રહી માહિતી પ્રાપ્ત કરી હતી.

## પાલનપુર રેલવે સ્ટેશન નજીક જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

પાલનપુર, તા. ૬

પાલનપુર રેલવે સ્ટેશન નજીક જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસ મથકના એએસઆઈ મોહનસિંહે મંગળવારે સાંજે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં વરલી મટકાનો જુગાર રમાડતા પાલનપુર સોનબાગ વિસ્તારના મુરાદભાઈ રસુલભાઈ શેખને ઝડપી લીધો હતો. જેની પાસેથી રૂપિયા ૩૫૦ રોકડા તેમજ જુગાર રમાડવાનું સાહિત્ય કબ્જે લેવામાં આવ્યું હતુ. જોકે, રેડ દરમિયાન શૈલેષ માળી ઉર્ફે સેન્ડો નાસી ગયો હતો. બંને સામે પોલીસે જુગારધારાની કલમ મુજબ ગૂનો નોંધ્યો છે.

# પ્રાંતિજ તાલુકામાં ઓરી રૂબેલા વાઈરસથી બચવા રસીકરણ માટેની ઝુંબેશ : રેલી યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

તંદુરસ્ત ભારત અને આરોગ્ય વિષયક વિવિધ માટેની જાગૃતિના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચનાથી પ્રાંતિજમા ઓરી રુબેલા રોગો સામે પ્રતિકારક રસી લેવા માટેનું અભિયાન તારીખ ૧૬ જુલાઈથી શરૂ થનાર હોઈ આ માટેની તૈયારીઓ સમગ્ર તાલુકામાં થઈ રહી છે.



પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે ઓરી રૂબેલા વાઈરસ જન્ય રોગો સામે પ્રતિકારકતા મેળવવા તારીખ ૬-૭-૨૦૧૮ ના રોજ ગામના સરપંચ, આરોગ્ય સમિતિના સભ્યો દ્વારા રેલીનું આયોજન સોનાસણ સબ સેન્ટરના આરોગ્ય કાર્યકર મનિષાબેન વાળંદ તથા હર્ષદ ડોડીયા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પોગલુના ડો. એ.એચ. સોલંકી તથા ડો. ચંદ્રિકા જાદવ મારફતે કરવામાં આવ્યું હતું. આ અંગે પ્રાંતિજ આરોગ્યના જી.વાય. પટેલ દ્વારા જણાવ્યું હતું કે તાલુકાના ૪૦૪૨૩ જેટલા ૯ માસથી ૧૫ વર્ષ સુધીના તમામ બાળકોને ઓરી રૂબેલા રોગોની રસી આપવામાં આવનાર છે આ ઝુંબેશ અંતર્ગત તમામ ગામડાઓમાં સેસન વાઈઝ રસીકરણની સેવાઓ આપવામાં આવનાર છે. પ્રાંતિજ તાલુકાના ફતેપુર, પોગલુ, મજરા, મોયદ, બાલીસણા સહિતના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિસ્તારના આરોગ્યકર્મીઓ આ ઝુંબેશમાં જોડાઈને સેવાઓ આપનાર છે.

## ધાનેરા તાલુકા ના વાસણ ગામ નજીક ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસમાત

ધાનેરા તાલુકાના વાસણ ગામ નજીક ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસમાત સર્જાતા એકજ પરિવારના પાંચ લોકોને ગંભીર ઈજા થવા પામી છે ત્યારે તમામ ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે ૧૦૮ ધ્વરા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ધાનેરા તાલુકાના ધરણોધર ગામે રહેતા રબારી પરિવારના સાત લોકો સામાજિક પ્રસંગે રાજેસ્થાન ટ્રેક્ટર લઈને ગયા હતા અને પરત ફરતી વખતે ધાનેરા તાલુકા ના વાસણ ગામ નજીક ટ્રક ચાલાક ધ્વરા તર્કતાર ને જોરથી ટક્કર મારતા ટ્રેક્ટર બેઠેલા તમામ બાબુભાઈ સાદળાભાઈ રબારી ઉકરડાભાઈ સાદળાભાઈ રબારી કોકુબેન ઉકરડાભાઈ રબારી સીતાબેન ધનરાજભાઈ રબારી અને જીગરભાઈ ધનરાજભાઈ રબારી તમામ રહે ધરણોધર ને ગંભીર ઈજા થતા આજુ બાજુ થી લોકો દોડી આવ્યા હતા.